॥ ॐ श्री आशारामाय नमः ॥

પ.પૂ. બ્રહ્મનિષ્ઠ સંતશ્રી આશારામજી મહારાજ પ્રેરિત

યોગ-વેદાંત

"તમે તમારા મનના સ્વામી બનો નહિ તો જગત તમારું સ્વામી બની જશે."

—પ. પૂ. સંતશ્રી આશારામજી મહારાજ

વર્ષ-૧ ૧ માર્ચ, ૧૯૮૩ અંક-૧

યોગ – વેદાંત

શુદ્ધ આધ્યાત્મિક સાહિત્યનો પત્ર

તંત્રી : **શારદા ઈસનાવા** સંપાદક : **શ્રી કૃષ્ણાનંદ**

* 'યોગ–વેદાંત' દર મહિનાની પહેલી તારીખે પ્રસિદ્ધ થશે. છૂટક નકલની કિંમત રૂા. ૧–૫૦ છે.
* 'યોગ–વેદાંત'માં પ્રસિદ્ધિ માટે આધ્યાત્મિક લેખો, કાવ્યો, પ્રેરક પ્રસંગો વગેરે મોકલવા માટે લેખકોને આમંત્રણ છે.
* 'યોગ–વેદાંત'નું લવાજમ મોકલવા માટે તથા અન્ય તમામ પત્ર-વ્યવહાર તંત્રીશ્રી, 'યોગ–વેદાંત', આશા પ્રકાશન, જૈન મંદિર સામે, રામનગર, સાબરમતી, અમદાવાદ–૫ એ સરનામે કરવો.
* 'યોગ–વેદાંત'ના અંકોનું વેચાણ સંતશ્રી આશારામજી મહારાજનો આશ્રમ, મોટેરા રોડ, સાબરમતી, અમદાવાદ-૫ના આશ્રમ કાર્યાલયમાં થાય છે તથા લવાજમ પણ સ્વીકારવામાં આવે છે.

અનુક્રમ

ક્રમ			પૃષ્ઠ
૧	આશીર્વચન	પ. પૂ. સંતશ્રી આશારામજી મહારાજ	૧
૨	મંગલાચરણ	તંત્રીસ્થાનેથી	૨
૩	આત્મ સાક્ષાત્કાર કઠિન નથી	પ. પૂ. સંતશ્રી આશારામજી મહારાજ	૩
૪	આશ્રમ પરિચય	સંકલન	૯
૫	પૂજ્યશ્રીના કાર્યક્રમો	સંકલન	૧૩
૬	હે સદ્‌ગુરુ !	'નિજાનંદી'	૧૫
૭	'યોગ – વેદાંત' અંગે થોડુંક		
૮	પરમ હંસ હે...	'નિજાનંદી'	

માલિક તથા પ્રકાશક : શારદા ઈસનાવા, આશા પ્રકાશન, જૈનમંદિર સામે, રામનગર, સાબરમતી, અમદાવાદ–૫.

મુદ્રક : સુરમ્ય, પોલિસ સ્ટેશન પાછળ, નવરંગપુરા, અમદાવાદ–૯.

આશીર્વચન

"વર્તમાન સમાચારપત્રો, સામયિકો વગેરે માનવના જ્ઞાનતંત્રને ભડકાવે એવા સાહિત્યથી ભરપૂર હોય છે. પરિણામે સદીઓથી ને જન્મોથી બહિર્મુખ થયેલો માનવ દિવસે દિવસે વધુ ને વધુ બહિર્મુખ થઈ અશાંત થતો જાય છે, પોતાના નિજ ધામ, આત્મ સ્વરૂપથી દૂર ને દૂર થતો જાય છે. તેને સ્વ તરફ પુનઃ અભિમુખ કરી સાચી શાંતિ, સાચું સુખ, સાચો આનંદ આપીને જીવનને મધુર અને તૃપ્ત બનાવી શકે એવું સાહિત્ય પ્રમાણમાં ઘણું જ ઓછું પ્રગટ થાય છે. માનવને પોતાના રોજીંદા જીવનમાંય 'આધ્યાત્મિક ટોનીક' નિયમિત મળતું રહે એ ઉદ્દેશ્યથી આ સાધક ભાઈઓએ એક નાનકડું પણ નિયમિત પ્રકાશન 'યોગ–વેદાંત' આપ સૌના હાથમાં મૂકવાનું નક્કી કર્યું છે. એમાંથી વાચકોને–ભાવકોને આધ્યાત્મિક રુચિને પુષ્ટ કરે એવી વાનગીઓ અવશ્ય મળશે જ. શ્રી રામચંદ્રજીના સેતુ નિર્માણના કાર્યમાં જેમ ખીસકોલીએ પોતાના ગજા પ્રમાણેનો પુરુષાર્થ સમર્પિત કર્યો, તેવી રીતે સમાજમાં આધ્યાત્મિક અમૃત સીંચવાના મહાપુરુષોના ભગીરથ કાર્યમાં એમનો આ અલ્પ પુરુષાર્થ પણ તેમના પોતાના અને આપ સૌના જીવનને સાર્થક કરશે જ એવા મારા અંતરના આશિષ છે."

— ૐ આનંદ.

(પ. પૂ. સંતશ્રી આશારામજી મહારાજ તરફથી મળેલ આશીર્વાદ)

* મંગલાચરણ

અનંત તત્ત્વની સાથે તાદાત્મ્ય સાધીને બહારના અગણિત સુખો અને ઉપભોગોથી પણ અદ્દભુત સુખની અનુભૂતિ જ્યારે મન પામે છે, ત્યારે જે આનંદ નિષ્પન્ન થાય છે તે શાશ્વત અને અલૌકિક એવા પરિબ્રહ્મમાંથી સ્ફૂટ થતો હોય છે. આ દિવ્ય આનંદની સમાજને સંતો દ્વારા જે પ્રાપ્તિ થાય છે, તે તો તેની એક માત્ર લકીર હોય છે. તો પછી આ પરિબ્રહ્મ આનંદના સતત આવિષ્કારમાં જે પરિવ્રાજક નિત્ય નિત્ય પરિશીલિત રહે છે તે આનંદની મર્યાદા આંકવી તે બુદ્ધિની પાર એવા અનાગત વિષયનું સ્વરૂપ બને છે. આ ઉત્કૃષ્ટ આનંદની સરવાણી જ્યારે સાબરતટે બ્રહ્મનિષ્ઠ એવા સંત શ્રી આશારામજી મહારાજના સમગ્ર વ્યક્તિત્વમાંથી નિખરતી હોય ત્યારે તેને અક્ષરોમા અંકિત કરીને ભાવકો સમક્ષ રજૂ કરવાનું કાર્ય કેટલું કઠિન છે તેનો ખ્યાલ હોવા છતાંયે ૧૯૮૦માં પૂજ્યશ્રી સમક્ષ જ્યારે આ વિચાર રજૂ થયો ત્યારે જે પ્રેરણા મળી તે છેક ૧૯૮૩માં પૂજ્યશ્રીના વિશાળ શિષ્યવર્તુળ તથા ભાવકો સમક્ષ આવિર્ભાવ પામે છે, ત્યારે અદ્વૈતના સ્પર્શ પામીને જેઓનું જીવન ધન્ય ધન્ય અને પુલકિત બનેલ છે તેવા પૂજ્યશ્રીનાં પુનિત પ્રવચનો તથા સાહિત્ય 'યોગ-વેદાંત'ના આ માધ્યમ દ્વારા આપ સૌની સમક્ષ રજૂ કરવાના આ પ્રયત્નથી અમે આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ. આપ સૌના ઉષ્માભર્યા સહકારથી અમે આ દિવ્ય સેવાને અનુકૂળ બનવાની શ્રદ્ધા રાખીએ છીએ. આ રીતે પૂજ્યશ્રીની કૃપાથી 'યોગ-વેદાંત'નું મંગલાચરણ કરતાં આપણને સૌને પૂજ્યશ્રી મારફતે પેલા પરિબ્રહ્મ આનંદની પ્રાપ્તિ આ જીવનમાં જ થાય એ અભ્યર્થના.

આત્મ-સાક્ષાત્કાર કઠિન નથી

પ. પૂ. સંતશ્રી આશારામજી મહારાજ

(તા. ૨૩-૨-૮૩, બુધવાર)

લોકોએ આત્મ-સાક્ષાત્કારને મુશ્કેલ કાર્ય માની લીધેલ છે. **'આત્મશાંતિ મેળવવી, આત્મજ્ઞાન પામવું મુશ્કેલ છે' એમ કહેનારા તો ઘણા છે પરંતુ 'આત્મજ્ઞાન મુશ્કેલ નથી' એમ કહેનારા મહાપુરુષની મુલાકાત થવી મુશ્કેલ છે.**

શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે આત્મજ્ઞાન મુશ્કેલ નથી, સંસાર સાગરથી પાર થઈ જવું મુશ્કેલ નથી.

अपि चेदसि पापेभ्यः सर्वेभ्यः पापकृत्तमः ।
सर्वं ज्ञानप्लवेनैव वृजिनं संतरिष्यसि ॥ (૪.૩૬)

"જો તું બીજા બધા પાપીઓથી પણ વધારે પાપ કરનારો હોય તો પણ તું જ્ઞાનરૂપી નૌકા દ્વારા નિઃસંદેહ સંપૂર્ણ પાપ-સમુદ્રથી બરાબર પાર થઈ જઈશ."

કોઈ અતિ પાપી હોય, મહાપાપી હોય પણ જો આત્મજ્ઞાન મેળવી લે તો તત્કાળ તરી જાય. જ્ઞાન યુદ્ધના મેદાનમાં પણ થઈ શકે. અર્જુનને જ્ઞાન થયું. હવે લોકોને મંદિરોમાં પણ જ્ઞાન થતું નથી. 'જ્ઞાન થવું મુશ્કેલ છે...અસંભવ છે...અમે તો પાપી...દીન ...હીન...અમારું શું ગજું...અમે સંસારી...આ તો સાધુઓનું કામ...' આમ વિચારી વિચારીને પોતાને તુચ્છ બનાવી દીધા છે. મઠ-મંદિર જેવાં ધાર્મિક સ્થાનોમાં પણ તેનામાં એવા જ સંસ્કાર રેડવામાં આવે છે. 'તમે ગૃહસ્થી છો...તમને આમ કરવું ન શોભે... તેમ કરવું ન શોભે....'

'અરે, તમે આત્મા છો. નિષ્ફિકર, નિશ્ચિંત ને નિર્ભય થઈને જીવો. જે થઈ ગયું એને સ્વપ્ન સમજો. ચિંતા ન કરો. આનંદમાં રહો...' આવું કોઈ શીખવતું નથી. લોકો પોતાના ભૂતકાળને યાદ

ફરી કરીને દીન થઈ રહ્યા છે. પોતાના જ વિચારોનાં જાળાંમાં અટવાઈ રહ્યા છે, પીસાઈ રહ્યા છે. મન અને માન્યતાઓના સકંજામાં સપડાઈ રહ્યા છે. આ બધાં બંધનો કાપીને ઊભા થઈ જાઓ. મુક્ત થઈ જાઓ. શરીર અને મનના બંધિયાર કિલ્લા છોડીને આત્માના આકાશમાં વિહાર કરો. કબીરજી કહે છે :

मन की मनसा मिट गयी भरम गया सब दूर ।
गगन मंडल में घर किया काल रहा सिर कूट ॥

આજ સુધી જે માન્યતાઓને પાળી-પોષી છે કે 'આ મેળવીશ ત્યારે સુખી થઈશ ...આમ કરીશ ત્યારે સુખી થઈશ.' એ માન્યતાઓનો ભાંગીને ભુક્કો કરી નાખો. એ ભ્રમણાઓ દૂર કરીને એવું જ્ઞાન પામી લો કે જીવતાં જ કાળ માથું કૂટતો રહે. તમે કાળથી પર થઈ જાઓ. પોતાને પાપી માનશો તો તમે પાપી થઈ જશો, પોતાને દુઃખી માનશો તો દુઃખી જ રહેશો. નકાર તો ભણવો જ નહિ. કોઈ તમને શૂળી પર ચડાવે તોય હસતા રહો.

લોકો આવીને મને કહે છે : 'બાપુ...! અમે ઘણાં પાપ કર્યાં છે...દારૂ પીધો છે ને ન જાણે શું શું કર્યું છે. અમે પાપી છીએ.' અરે ભાઈ! તમે ભલે ગમે તેટલી ભૂલો કરી હોય છતાં કોઈ ને કોઈ પુણ્ય કર્યું છે તેથી જ ગુરુઓના દ્વારે પહોંચ્યા છો. નહિ તો પહોંચત સિનેમાના દ્વારે, શરાબના દ્વારે. બહુ બહુ તો કથાકારના દ્વારે પહોંચત. ગુરુના દ્વારે ન પહોંચત. હવે ગુરુના દ્વારે પહોંચ્યા છો તો સમજી લો કે તમારાં પાપ નષ્ટ થઈ ગયાં. અધ્યાત્મના માર્ગે કદમ માંડ્યાં છે તો એક દિવસ જરૂર પાર થઈ જશો. શ્રદ્ધા રાખો, ધીરજ રાખો. હાય હાય કરીને નકામા પરેશાન થાઓ છો.

લોકો વિચારે છે કે લગ્ન કરું તો સુખી થાઉં, ધન કમાઉં તો સુખી થાઉં. પરંતુ જેમણે સંસાર માંડ્યો છે તે બધાં સુખી છે? જેમની પાસે ધન છે તે બધા સુખી છે? સુખ તો પરમાત્માના જ્ઞાનમાં છે, આત્મજ્ઞાનમાં છે. શ્રીકૃષ્ણ કહે છે :

लब्ध्वा ज्ञानं परां शांतिं अचिरेणाधि गच्छति ।

સંસારના જ્ઞાનમાં શાંતિ નથી મળતી. સંસારને જેટલો જોશો, જેટલો યાદ કરશો તેટલી અશાંતિ વધશે, રાગદ્વેષ વધશે. પરમાત્માને વિચારશો તો પ્રેમ અને આનંદ વધશે. આત્મજ્ઞાન પામવામાં શાંતિ છે, પછી મરજી તમારી...

સાધનાકાળમાં હું મઠો-મંદિરોમાં જતો, ઘણા સાધુ-મહંતોના સંપર્કમાં આવ્યો. મને જોઈને તેઓ આશ્ચર્ય વ્યક્ત કરતા, મારી પ્રશંસા કરતા. મને મઠ-મંદિર-આશ્રમના મહંત બનાવી દેવાનું પ્રલોભન આપતા. પણ હું જોતો કે તેમના જીવનમાં કોઈ બરકત નથી, ઈશ્વરીય આનંદની ઝલક નથી. તેથી કોઈ ને કોઈ બહાનું બતાવીને ત્યાંથી છટકી જતો. એમ કરતાં કરતાં પરમ પૂજ્યપાદ લીલાશાહ બાપુનાં શ્રીચરણે પહોંચ્યો. સાંઈએ પૂછ્યું :

'કેમ આવવું થયું?'

'સ્વામીજી! બસ, પ્રભુનાં દર્શન થઈ જાય.'

'હા, હા, થઈ જશે. કઠીન નથી.'

મને થયું કે આજ સુધી જેમને જેમને મળ્યો તે બધાએ કહ્યું કે આત્મજ્ઞાન બહુ કઠિન છે. આજે સ્વામીજી કહે છે કે કઠિન નથી. આત્મજ્ઞાન થઈ જશે. લાગે છે કે તેમને પરમ પદની ઉપલબ્ધિ જરૂર થઈ છે. તેઓ સદ્‌ગુરુ છે. મારી શ્રદ્ધા જામી ગઈ. પકડી લીધાં ચરણ તો થઈ ગયા પાર. શું વાર લાગે છે? જેમને આત્મજ્ઞાન નથી થયું તેમણે આત્મજ્ઞાનને કઠિન બનાવી દીધું છે. જેમને થયું છે તેઓ કહે છે : કંઈ કઠિન નથી. વસિષ્ઠજી કહે છે કંઈ કઠિન નથી. સ્વામી રામતીર્થ કહે છે કંઈ કઠિન નથી. પૂજ્ય લીલાશાહ બાપુ કહે છે કંઈ કઠિન નથી. હું કહું છું કંઈ કઠિન નથી.

મુનિ વસિષ્ઠજી કહે છે : 'હે રામજી! ફૂલની પાંખડી તોડવામાં પરિશ્રમ છે પરંતુ પોતાના સ્વરૂપને પામવામાં કોઈ પરિશ્રમ નથી.'

ખરેખર, આત્મજ્ઞાન પામવું મુશ્કેલ નથી, પરંતુ લોકોને અજ્ઞાન છોડવામાં, પોતાની માન્યતાઓ છોડવામાં મુશ્કેલી લાગે છે, સદીઓથી સંઘરી રાખેલી બેવકૂફી છોડવામાં મુશ્કેલી છે. ઈશ્વરને પામવામાં શું મુશ્કેલી છે? ઈશ્વર તો આપણું નિજ સ્વરૂપ છે. ઈશ્વરને છોડવો કઠિન છે અને સંસારને પામવો કઠિન છે.

સંસારનું સુખ મેળવવા પરિશ્રમ કરવો પડે છે. જડ ચીજો-માંથી થોડો સુખાભાસ થાય છે ને અંતે થાક હાથ લાગે છે. જડ ચીજોને પ્રેમ કરશો તો ચીજો તમને પ્રેમ નહિ કરે. તમે કારને ચાહશો તોય કાર તમને નહિ ચાહે, પણ જો ઈશ્વરને ચાહશો તો ઈશ્વર તમને ચાહશે, પ્રેમ કરશે, પાસે આવશે. એ પરમ ચૈતન્ય છે. અંતરમાં તમને પ્રેરણા કરશે ને સદ્‌ગુરુ પાસે પહોંચાડી દેશે અને સદ્‌ગુરુ કહેશે કે આત્મજ્ઞાન કઠિન નથી. સંસાર સાગરથી પાર થવું કઠિન નથી.

જે લોકો દેખાવ માટે ભક્તિ કરે છે, ઈશ્વરપ્રાપ્તિની આકાંક્ષા વિના ભક્તિ કરે છે તેઓ મંદિરોમાં, આરતી-પૂજામાં જ રોકાઈ જાય છે. ઈમાનદારીથી ભક્તિ કરનાર ઈશ્વરીય પ્રેરણાથી કોઈ સાચા સદ્‌ગુરુ પાસે પહોંચી જાય છે. એ એવું જ્ઞાન મેળવવા સદ્‌ભાગી થઈ જાય છે કે ભવોભવની ભૂખ ભાંગી જાય.

સંસારનું સુખ ટકતું નથી ને આત્માનું સુખ જતું નથી. એ પરમ સુખ સમાધિ કરો તોય ન જાય, ભોજન કરો તોય ન જાય, ઊંઘી જાઓ તોય ન જાય, લડાઈ કરો તોય ન જાય. શ્રીકૃષ્ણનું એ સુખ લડાઈના મેદાનમાંય ટકી રહ્યું છે, જ્યારે લોકો મંદિરોમાં પણ પરેશાન છે. જ્ઞાન વિના સુખ નથી. આ જ્ઞાન વિષયોનું જ્ઞાન નહિ પણ આત્મદેવનું જ્ઞાન. બધા પદાર્થોનું જ્ઞાન જેને થઈ રહ્યું છે તેનું જ્ઞાન આંખ બરાબર જુએ છે કે નહિ તેને જે જાણે છે, મન શાંત છે કે અશાંત છે તેને જે જાણે છે, બુદ્ધિ બરાબર નિર્ણય લે છે કે નહિ તેને જે જાણે છે, શરીર રોગી છે કે નિરોગી છે તેને જે જાણે છે તે જ્ઞાનસ્વરૂપ, સાક્ષી આત્મા છે. આનંદ ઓછો આવ્યો કે વધારે

આવ્યો તેને જાણનાર મહાઆનંદસ્વરૂપ આપણો આત્મદેવ છે. સાચું, અખંડ, શાશ્વત સુખ આત્મામાં છે.

'मीन सुखी जहँा नीर अगाधा.............'

માછલી અગાધ જળરાશીમાં સુખી રહે છે, મસ્ત રહે છે. વરસાદના દિવસોમાં નદીઓ સાગરમાં પાણી ઠાલવે છે. માછલી વિચારે છે કે આ બધું પાણી જ્યાંથી આવે છે ત્યાં હજી વધારે, આનાથી પણ અગાધ પાણી હશે. તેથી તે પાગલ દરિયો છોડીને નદીમાં જાય છે. પાણીના સામા વહેણમાં તરીને નદી છોડી નાળામાં જાય છે, ગટરમાં જાય છે, ખાબોચિયામાં પહોંચે છે. વરસાદ બંધ થતાં ખાબોચિયું નાળા ને નદીથી અલગ પડી જાય છે. માછલી એ ખાબોચિયાના કીચડમાં સપડાઈ જાય છે. પોતાના નિજધામ મહા-સાગરથી વિખૂટી પડી જાય છે. સુખ માટે પરિશ્રમ કરીને પરેશાન થઈ. જો મહાસાગરમાં જવું હોય તો કોઈ પરિશ્રમ કરવાની જરૂર ન હતી. મહાસાગર તરફ વહી રહેલા પાણીમાં પોતાના જાતને મુક્તપણે છોડી દેત તો આપોઆપ મહાસાગરમાં પહોંચી જાત. ત્યાં પહોંચવામાં મજૂરી નથી, ખાબોચિયામા પહોંચવામાં મજૂરી છે.

સંસારીઓના મનરૂપી માછલી આત્માનંદનો મહાસાગર છોડીને વિષયસુખ રૂપી ખાબોચિયામાં પહોંચવા પરિશ્રમ કરી રહી છે. જોઈએ છે સુખ, પણ પરમાત્માનું અગાધ સુખ છોડીને વિષયોનું અલ્પ સુખ શોધે છે. માછલી સમજે છે કે આ બધું પાણી જ્યાંથી આવે છે ત્યાં વધારે પાણી હશે. જીવ સમજે છે કે સુખ વિષયોમાંથી આવે છે તેથી વિષયમાં હજી વધારે સુખ હશે. અરે નાદાન! નદીનાળાંમાં આવતું પાણી મૂળ તો મહાસાગરનું જ પાણી છે. વરસાદરૂપે વરસીને પાછું મહાસાગરમાં આવી રહ્યું છે. વિષયમાં જણાતું સુખ આત્મા-માંથી આવે છે, બહારથી નહિ.

બિચારી માછલી! સુખ માટે મહાસાગર છોડીને નદી–નાળાં ને ખાબોચીયામાં દોડે છે. સુખ માટે જેમ જેમ પરિશ્રમ કરે છે તેમ સુખથી દૂર જાય છે. હું આવી કેટલીય માછલીઓને જાણું છું.

કોઈ માછલી બી. એ. થયેલી છે, કોઈ એમ. એ., પીએચ ડી. થયેલી છે. કોઈ માછલી પતિ છે તો કોઈ પત્ની છે. કોઈ ડૉક્ટર છે તો કોઈ વકીલ છે. કોઈ માછલી એમ. એલ. એ. છે તો કોઈ મિનિસ્ટર છે. પણ બધી જ માછલી સુખ શોધવા દોડી રહી છે.

આપણે સુખ માટે ઉલટા દોડી રહ્યા છીએ. સુખ વિષયોમાં નથી, આત્મામાં છે. સંસારી સુખી થવા જેમ જેમ વધારે સંસાર તરફ દોડે છે તેમ તેમ વધારે દુઃખી થાય છે, વધારે અશાંત થાય છે. સુખી થવા માટે કોઈ પરિશ્રમ કરવાની જરૂર નથી. તમે અત્યારે, આ ઘડીએ જ સુખસ્વરૂપ છો. પણ......જાણતા નથી.

હવે એવા અજ્ઞાનના ઢોરબજારમાં ક્યાં સુધી ભટકશો? જ્ઞાનીઓના બજારમાં પહોંચી જાઓ. જ્ઞાનીઓનું બજાર ક્યાં છે? જ્ઞાનીઓનું બજાર છે આત્મા. ઇન્દ્રિયો ઢોર છે. તે વિષયોમાં ચરે છે. વિષયોના એંઠા-જુઠા ટુકડાના ક્ષુદ્ર સુખને છોડીને આત્માનંદના અગાધ મહાસાગરમાં પહોંચી જાઓ. આત્માનંદની મસ્તીમાં ખેલો. આ ખેલ જે જાણતો નથી તે ખેલાડી નથી પણ અનાડી છે. આત્માનંદમાં જેનું અંતઃકરણ થનગનતું નથી તે નર્તક નથી પણ મર્કટ છે.

' मीन सुखी जहँा नीर अगाधा............'

આત્માનંદના આ મહાસાગરમાં પહોંચવું કઠિન નથી. સંસારની વૈતરણી તરી જવું કઠિન નથી. એને જે કઠિન કહે છે એની વાત ન સાંભળો. જે નાવિક કહે છે કે સામે પાર પહોંચવું કઠિન છે તે નાવિકની નાવમાં કદાપિ ન બેસો. જેઓ સામે પાર પહોંચી શક્યા છે, તમને પણ પાર થવાની હિંમત આપી શકે છે એવા સદ્દગુરુઓની નાવમાં બેસો. તમારી જીવનનૈયાનાં સુકાન એવા સમર્થના હાથમાં સોંપો. એમના આદેશ પ્રમાણે જીવન જીવો. એમણે શીખવેલ યુક્તિઓ અજમાવો. મજૂરીથી મુક્ત ન થવાય, યુક્તિથી મુક્ત થવાય. સુખ માટેના ઉલટા પરિશ્રમ છોડો ને આત્મજ્ઞાન સમજી લો. પરમાત્માના જ્ઞાનરૂપી આનંદસાગરમાં પહોંચવું કઠિન નથી. આત્મસાક્ષાત્કાર કરવો કઠિન નથી.

(સંકલન : **શ્રી કૃષ્ણાનંદ**)

આશ્રમ પરિચય

લગભગ ૧૧ વર્ષ પહેલાં અમદાવાદના આશ્રમરોડ ઉપર ગાંધીઆશ્રમથી આગળ જતાં રાણીપ તથા સાબરમતીના વિસ્તારને મુકીને સાબરમતી નદીના કિનારે મોટેરાગામ તરફ જતાં જ્યાં એકલદોકલ માણસને પગ મુકતાં પણ બીક લાગે, તેવા વિસ્તારમાં એક દિવસ એક ફકીર પોતાની મસ્તી તથા અલખની ધૂનમાં આવી ચડે છે. નદી કિનારે કોતરો ઉપરથી ફરતાં ફરતાં સાબરમતીના પહોળા પટમાં તેમની દૃષ્ટિ કેન્દ્રીત થાય છે. નદીની ચમકતી રેતી જાણે તેમને સાદ કરતી હોય તેમ ચોમેર નદીના પટમાં મુક્તપણે ફરવામાં એક અદમ્ય આનંદની લાગણી આ મસ્ત યોગીના મુખ ઉપર ચમકવા લાગી. જાણે માતાના ખોળામાં નાનું બાળક ફરીફરીને કૂદકા ભરે અને થાકીને એ જ ખોળામાં માતાનું દૂધ પીતાંપીતાં ઊંઘી જાય, તેમ આ ફકીરને પણ સાબરમતીના કોતરોવાળા ખોળામાં હરતાં ફરતાં જાણે કે અમૃતધારાની સરીતા વહેવડાવવાનો સંકલ્પ થયો હોય તેમ ત્યાં જ ડેરા–તંબૂ નાખીને ધ્યાનસ્થ થઈ ગયા. જ્યારે ધ્યાનમાંથી જાગ્યા ત્યારે એક પરમ અને દિવ્ય સંતોષની ઝાંખી તેમના મુખ કમળ ઉપર ચમકતી હતી. આ મહાત્મા તે જ આપણા આજના પ. પૂ. સંત શ્રી આશારામ મહારાજ. સાબરમતીના એ કિનારા સામે જ લાખો દુઃખી વ્યક્તિઓ સાથે કૂટાતા, પીડાતા અને અશાંતિ તથા ભયના ચક્કરમાં સતત અફળાતા અમદાવાદ શહેરને તેમણે નિહાળ્યું. આ નગરના લોકોના દુઃખ અને ભયને જોયા બાદ તેમના મુખ ઉપરની સંતોષની લકીર લૂપ્ત થઈ ગઈ. પોતાની પાસે જે અમૃત કટોરો હતો, તેમાંથી આવા લાખો દુઃખી વ્યક્તિઓની ઉન્નતિ માટે યોગસાધના દ્વારા અમૃતનું સિંચન કરવાનો તેઓએ દૃઢ નિર્ણય કર્યો, જેના પરિણામે એક નાની સરખી ઝૂંપડીમાંથી હાલનો સંતશ્રી આશારામ આશ્રમ અસ્તિત્વમાં આવ્યો છે.

આશ્રમની વિશિષ્ટતાઓ : પૂજ્યશ્રીની કૃપાથી આજનો ફાલ્યો-ફૂલ્યો જણાતો આશ્રમ જે સંસારના અનેક દુઃખી અને આધી-વ્યાધી તથા ઉપાધીઓના ચક્કરમાં ફસાયેલા લોકો માટે આજે આશીર્વાદરૂપ બનેલો છે. તે લોકોના આધ્યાત્મિક ઉત્થાન ઉપરાંત તેને લગતી આનુષંગિક પ્રવૃત્તિઓથી ધમધમી રહ્યો છે. આશ્રમમાં પૂજ્યશ્રીનાં દર્શન તથા સત્સંગને માટે વધતી જતી ભીડને લીધે અઠવાડિયામાં બે દિવસો બુધવાર તથા રવિવાર સ્વામીજી સાથેના સત્સંગને માટે મુકરર કરવામાં આવ્યા છે, જેથી બહારગામના મુમુક્ષુઓને અચૂક રીતે આ સત્સંગનો લાભ મળે. આશ્રમમાં શરૂઆતથી જ પૂજ્યશ્રીની સાથે રહેલા શિષ્યોમાં મહંતશ્રી ચંદીરામ તથા શ્રી શિવલાલકાકા ઉપરાંત હાલમાં ચાલીશેક સાધકો દૂરદૂરથી આવીને પૂજ્યશ્રીના સાંનિધ્યમાં યોગ તથા વેદાંતનો અભ્યાસ કરી રહ્યા છે. શ્રી કરસનભાઈ તથા શ્રી શંકરભાઈ હમેણાં પૂજ્યશ્રીના તમામ જાહેર કાર્યક્રમોમાં સાથે જ હોય છે.

છાત્રાલય : આ આશ્રમમાં એક છાત્રાલય પણ ચાલી રહ્યું છે, જે જોતાં પહેલાંના વૈદિક યુગની યાદ આવી જાય છે. આશ્રમની આજુબાજુના વિસ્તારોમાંથી તથા બહારગામથી રબારી, ભરવાડ, વાઘરી, ઠાકરડા, આદિવાસી તથા હરિજન જેવા પછાત વર્ગોના ગરીબ વિદ્યાર્થીઓને અહીયાં મફત રહેવા તથા જમવાની સગવડ પૂરી પાડવામાં આવે છે. અલબત્ત, થોડી સરકારી સહાય પણ મળે છે. તેમ છતાં પછાતવર્ગને ઓછો કરવા માટે આવા છાત્રાલયના બાળકોને સ્કૂલના અભ્યાસક્રમ ઉપરાંત પૂજ્શ્રીએ જે રીતે નૈતિક સંસ્કારોનું સિંચન કરવાની નેમ ધારણ કરી છે, તે સમાજ ઘડતરના કાર્યમાં એક અદ્દભુત દષ્ટાંત છે.

વડ બાદશાહ : આશ્રમમાં પ્રવેશ કરતાં જ પૂજ્યશ્રીના રહેઠાણ મંદિર સામે 'વડ બાદશાહ' (કલ્પવૃક્ષ) વડનું વૃક્ષ આવેલું છે. આશ્રમમાં જે હજારો લોકો આવે છે. તેમાંના મોટા ભાગના તેમની

ભૌતિક તથા સાંસારિક મુશ્કેલીઓના નિવારણની કામનાઓ લઈને આવતા હોય છે. આવા તમામ દુઃખી અને ઇચ્છાતૃપ્તિ માટે આવતા લોકોને મદદ કરી શકાય તે હેતુથી પૂજ્યશ્રીએ આ વટવૃક્ષને (કલ્પવૃક્ષ) બનાવીને 'વડ બાદશાહ'નું બિરુદ આપેલું છે. આ વડ કલ્પવૃક્ષ પાસે સાચા હૃદયની શ્રદ્ધાથી જો પ્રાર્થના કરવામાં આવે તો મનવાંચ્છિત ફળ ચમત્કારિક રીતે મળે છે તેવા સેંકડો લોકોના અનુભવો છે. આ 'વડ બાદશાહ'ની સામે જમણી બાજુ આશ્રમનું કાર્યાલય આવેલું છે, જ્યાં શ્રી યોગ-વેદાંત સેવા સમિતિ દ્વારા પૂજ્યશ્રીના પ્રવચનોને જુદા જુદા પુસ્તકો સ્વરૂપે મુદ્રીત કરીને વેચાણ માટે રાખવામાં આવ્યાં છે. પૂજ્યશ્રીનાં પ્રવચનોને પુસ્તક સ્વરૂપે સત્સંગીઓ સમક્ષ મુકવામાં સાધકો અથાગ પરિશ્રમ ઉઠાવી રહેલા છે. જે પુસ્તકની કિંમત બજારમાં દશથી પંદર રૂપીયા હોય તેવાં પુસ્તકો તદ્દન સસ્તી કિંમતે સત્સંગીઓ માટે ઉપલબ્ધ બન્યાં છે.

પૂજ્યશ્રીની અંતઃપ્રેરણાથી વીસેક આયુર્વેદિક ઔષધિઓનું સંયોજન કરીને આરોગ્યવર્ધક અને નાડીશુદ્ધિકારક ઉત્કૃષ્ટ 'સંતકૃપા ચૂર્ણ' મહિલા મૌન આશ્રમની સાધિકાઓ દ્વારા સેવા અર્થે બનાવવામાં આવે છે, જે ગેસ, કબજિયાત, એસીડીટી જેવાં પેટનાં તથા શરીરનાં નાનાં મોટાં અનેક દર્દોમાં ખૂબ જ ઉપયોગી પુરવાર થયું છે તેનાથી નાડીશોધન થતું હોવાથી તે ધ્યાન ભજનમાં પણ સહાયક બને છે.

મહિલા મૌન આશ્રમ : આશ્રમમાં પુરુષોની સાથે સ્ત્રી સાધકોના ઉત્કર્ષ માટે મહિલાઓ માટે એક અલગ મૌન આશ્રમની રચના પણ કરવામાં આવી છે. આ મહિલા મૌન આશ્રમ સંતશ્રી આશારામ આશ્રમથી આશરે ૧૬ કીલોમીટરને અંતરે સરખેજ રોડ ઉપર વાસણા ગામે આવેલો છે, જેનું સંચાલન પૂજ્યશ્રીનાં ધર્મપત્ની અ. સૌ. લક્ષ્મીબહેન પૂજ્યશ્રીના પરોક્ષ માર્ગદર્શન હેઠળ કુશળતાપૂર્વક કરી રહ્યાં છે. પૂજ્યશ્રીના સાનિધ્યથી અ. સૌ. લક્ષ્મીબહેન

જેઓ 'લક્ષ્મી માતાજી'ના હુલામણા નામે જાણીતાં છે, તેઓ પણ આધ્યાત્મિક માર્ગનાં એક ઉત્તમ અધિકારી આત્મા છે, જેમનો લાભ અનેક સાધિકાઓ લઈ રહ્યાં છે.

મૌન મંદિર તથા પ્રવચન હોલ : આશ્રમના સ્થાયી સાધકો ઉપરાંત સમાજના વિવિધ સ્તરોની કેટલીક વિશિષ્ટ વ્યક્તિઓ કે જેઓ પોતાના રોજબરોજના કાર્યમાં વ્યસ્ત રહેલા હોય છે તેથી આધ્યાત્મિક ક્ષેત્રે વિકાસ કરી શક્યા નથી, તેઓને માટે આશ્રમમાં એક ખાસ મૌનમંદિર ૫૫૦ સ્કે.ફૂટના ભોંયરામાં બનાવવામાં આવેલું છે. આમાં સાધનામાં ઝડપી પ્રગતિ સાધવા ઇચ્છતા સાધકોને સતત એક અઠવાડીયા સુધી રાખવામાં આવે છે. તેઓ મૌનમંદિરની અંદર રહીને રાત–દિવસ અલૌકિક ધ્યાનના અનુભવો મેળવે છે. આ મૌનમંદિરમાં પ્રવેશ મેળવવા માટે એક વખત અરજી કર્યા બાદ બેથી અઢી વર્ષે નંબર આવે છે. મંદિરમાં પ્રવેશ મેળવનાર સદ્‌ભાગી વ્યક્તિને ધ્યાન સહજ બની જાય છે તેટલું જ નહીં, પણ જાતજાતના દિવ્ય અનુભવો ગુરુકૃપાથી થાય છે. પૂજ્યશ્રી દર બુધવાર તથા રવિવારના દિવસોએ સત્સંગ હોલમાં પ્રવચન આપે છે તે ઉપરાંત અન્ય દિવસોમાં પણ સત્સંગીઓ સમક્ષ કૃપા વરસાવી દે છે. ક્યારેક મોજમાં હોય તો આશ્રમના તેઓશ્રીના નિવાસસ્થાનનો એક કઠેરો પણ સભાના રૂપમાં ફેરવાઈ જાય છે. ધ્યાનશિબીરોના કાર્યક્રમ વખતે આશ્રમનો પ્રવચન હોલ બહારની વ્યક્તિને માટે ગાંડા અને પાગલોના હોલમાં ફેરવાઈ ગયાનું જણાશે. પરંતુ એની સાચી મસ્તીની મઝા પણ આ હોલમાં એક વખત બેઠા પછી જ મળે છે. મીઠા બંસીવાદનની સાથે શરૂ થતી પૂજ્યશ્રીની વાણીના એક એક સૂર સાથે આત્માના સૂરોનું જોડાણ થઈ જાય છે અને આખા હોલમાં કોઈ રડતા તો હસતા તો વળી કોઈ ઝૂમીઝૂમીને નાચતા–ગાતા તો કોઈ સ્થિર, શાંત, સૌમ્ય મુદ્રામાં પરમાત્માના દિવ્ય રસનું પાન કુંડલિની શક્તિ જાગૃત થતાં કરતા જોવા મળે છે.

ધ્યાન શિબિરો : આશ્રમમાં મકરસંક્રાંતિ, ચૈત્ર સુદ બીજ (ચેટીચંડ), ગુરૂપૂર્ણિમા અને આસો સુદ બીજ એમ વર્ષભરમાં ચાર મોટી ધ્યાનયોગ શિબિરો યોજાય છે, જેમાં સેંકડો સાધકો ભવ-બંધનનાં તાળાં તોડવાની આ પ્રયોગશાળામાં પ્રવેશીને પૂજ્યશ્રીના પ્રત્યક્ષ સાનિધ્યમાં રહીને ઇશ્વરીય આનંદની હેલી માણે છે. આ ઉપરાંત ગુજરાત તેમ જ અન્ય પ્રાંતોમાં જુદા જુદા સ્થળે અને સમયે આવી જ શિબિરો યોજાય છે. વચ્ચે નાના નાના કાર્યક્રમો પણ ગોઠવાય છે. અઠવાડીયે જે બે દિવસો બુધવાર તથા રવિવારના નક્કી થયેલા છે તે ઉપરાંત પણ પૂજ્યશ્રી જ્યારે આશ્રમમાં હોય અને તેમના દર્શનાર્થે લોકો આવ્યા હોય તો કોઈને નિરાશ થવું પડતું નથી. પૂજ્યશ્રી આધ્યાત્મિક જ્યોતિબિંદુ સમાન તો છે જ, પરંતુ લોકો તથા મુમુક્ષુઓના પ્રેરણાનું સ્રોત છે, જ્યાં સતત હૂંફ અને ઉષ્મા મળ્યા જ કરે છે. પરમાર્થને લગતી પ્રવૃત્તિઓની સાથે સાથે અહીં દહેજ પ્રથામુક્તિ, કુરિવાજ મુક્તિ, નશાબંધી, માંસ, જુગાર, ચોરી જેવી બદીઓમાંથી મુક્તિના સફળ પ્રયત્નો પણ થયા છે. એક ગૌશાળા પણ ચાલે છે. આ રીતે લોકોનું શૈક્ષણિક, સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક ઉત્થાન કરીને સમાજનું નવઘડતર કરવાનું ઉત્તમ કાર્યોનું બિંદુ સંતશ્રી આશારામજી આશ્રમ બનેલ છે.

પૂજ્યશ્રીના કાર્યક્રમો

(૧) ભાવનગરનો કાર્યક્રમ : ૧૯૮૩ ના ફેબ્રુઆરીની ૧લી તારીખથી છઠ્ઠી સુધી ભાવનગરમાં પૂજ્યશ્રીનાં જાહેર પ્રવચનો તથા ધ્યાનશિબિરના કાર્યક્રમો થઈ ગયા. ભાવનગરની યોગવેદાંત સેવા સમિતિના ઉપક્રમે તા. ૧, ૨ અને ૩ ફેબ્રુઆરીના રોજ ટાઉનહોલ, ભાવનગર ખાતે રોજ ૬–૦૦ કલાકે પૂજ્યશ્રીએ જ્ઞાનગંગા વહાવી. હજારો ભાઈ–બહેનોને આ જ્ઞાનયજ્ઞમાં આ અલખના ઓલિયાનું, વહાલપના વડલાનું અમૃતમય સાંનિધ્ય મળ્યું. તા. ૩, ૪ અને ૫ ફેબ્રુઆરીના રોજ થીયોસોફીકલ લૉજ, ભાવનગર ખાતે 'શક્તિપાત

સાધના શિબિર'નું આયોજન પણ થયું. એમાં સેંકડો સાધકોએ આ કાળમાં પણ પ્રાચીન ભારતના દિવ્યયોગની શક્તિનો અનુભવ, ઈશ્વરના આનંદ સ્વરૂપ અસ્તિત્વની ઝાંખી હૃદયમાં કરીને મસ્ત બન્યા હતા.

(૨) મુંબઈનો કાર્યક્રમ : ફેબ્રુઆરીની તા. ૧૫ થી ૨૦ સુધી પૂજ્યશ્રીનો મુંબઈનો કાર્યક્રમ પણ ત્વરાથી યોજાઈ ગયો. મુંબઈ ખાતે ઉલ્લાસનગરની યોગવેદાંત સેવા સમિતિના અગ્રણીઓ સર્વશ્રી વાસુમલ ધનાણી તથા શ્રી કિશનચંદ ધનાણીના આગ્રહથી તા. ૧૬થી ૨૦ ફેબ્રુઆરી સુધી સંત ટેઉંરામ આશ્રમ, હરિકીર્તન-દરબાર, ગોવમેદાન વિલેપાર્લે, ખાર મહાજન દરબાર વગેરે સ્થળોએ પૂજ્યશ્રીએ પ્રવચનો દ્વારા માનવીની ચેતન શક્તિને જગાડવા પ્રયત્નો કર્યા અને હજારો લોકોએ તેનો લાભ લીધો. તા. ૨૦મીએ શ્રી સોમાભાઈ મગનભાઈ પટેલની આંગડિયા કંપની તરફથી આયોજિત સર્જિકલ કેમ્પનું ઉદ્ઘાટન પૂજ્યશ્રીના વરદ્ હસ્તે થયું અને તે જ સાંજે પ્લેન દ્વારા પૂજ્યશ્રી અમદાવાદ પાછા ફર્યા. પરંતુ પૂજ્યશ્રી જ્યાં અમદાવાદ એરપોર્ટ ઉપર ઊતર્યા કે ત્યાં પણ વિશાળ સાધક સમુદાય પહોંચી ગયેલ હોવાથી, પૂજ્યશ્રીએ એરપોર્ટ ઉપર જ સત્સંગ સુધાનું પાન બધાને કરાવ્યું. આ જ્ઞાનની ગંગાએ અનેક બડભાગીઓને ભીંજવી દીધા.

આગામી કાર્યક્રમો :

(૧) માર્ચ, ૧૯૮૩ની તા. ૫મીથી ૭મી સુધી પૂજ્યશ્રીના પાવન સાંનિધ્યમાં બાલારામ, જિલ્લો બનાસકાંઠા ખાતે એક ધ્યાનયોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં જોડાવા માગતા સાધક ભાઈઓએ તા. ૪-૩-'૮૩ના રોજ આશ્રમ ખાતે આવી જવા અથવા સીધા જ તા. ૫-૩-'૮૩ના રોજ બાલારામ ખાતે પહોંચી જવા જણાવવામાં આવ્યું છે. પાલનપુર બસ સ્ટેન્ડથી બાલારામ જવા માટે શ્રી હરિશ ટ્રાવેલ્સ દ્વારા લકઝરી બસની સેવા

ઉપલબ્ધ બનાવવામાં આવી છે. તા. ૫મી માર્ચના રોજ સાંજના ૫ કલાકે પૂજ્યશ્રીના પ્રમુખસ્થાને બાલારામ સધનક્ષેત્ર સમિતિના ઉપક્રમે માતૃઘર (અનાથ આશ્રમ)ના ઉદ્ઘાટન તથા નામકરણવિધિ સમારંભનું આયોજન પણ કરવામાં આવેલું છે.

(૨) એપ્રિલ, ૧૯૮૩ની તા. ૧૫મીથી ૧૭મી સુધી સંતશ્રી આશારામજી મહારાજનો આશ્રમ, મોટેરા રોડ, સાબરમતી, અમદાવાદ ખાતે ચેટીચંડ (ચૈત્ર સુદ બીજ)ના ઉત્સવ નિમિત્તે દર વર્ષની જેમ એક ધ્યાનયોગ શિબિરનું આયોજન કરવામાં આવી રહ્યું છે. શિબિરમાં ભાગ લેવા ઇચ્છતા સાધકોએ પોતાનાં નામ-સરનામાં સાથે લખીને અથવા રૂબરૂમાં આશ્રમના કાર્યાલયનો સંપર્ક સાધીને જરૂરી નોંધ કરાવવી.

હે સદ્ગુરુ !

(શિખરિણી)

અમારી આશાના, ત્રસિત મનના રામ થઈને,
દુઃખોને સંતાપે અવિચલ હનુમાન બનીને,
ધખાવીને ધૂણી અલખરવની સાબરતટે,
વહાવી દો સાંઈ, જગતભરમાં અમૃત મધુ!

અમારા ચૈતન્યે, જુગ જુગ જૂની યાદ ધરની
ભરી દીધો સાંઈ, સ્વરૂપ નિજનાં સર્વ પ્રગટી,
હજારો વર્ષોના હૃદય મનના મેલ સઘળા
ઉખેડી દો સાંઈ, વિમલ ઉરનાં જ્ઞાન જળથી!

અમે તોફાનોના અતલ જલધિમાં જીવનના,
ઊભા સૌ એકાકી, ભયભીત બનીને જલ થકી
તમે હંકારી દો નિજ કર વડે નાવ, પકડી
હલેસાં હાથોમાં, ભવ ભવ થકી હે સદ્ગુરુ!

— 'નિજાનંદી'

પ. પૂ. સંતશ્રી આશારામ બાપુના આશીર્વાદથી અમે જનતાની સેવામાં **દ્વિતીય વર્ષમાં** પ્રવેશતાં આ દિવ્ય વિભૂતીને લાખ લાખ વંદન કરીએ છીએ. સાથેસાથે જાહેર જનતાના ઉષ્માભર્યા સહકાર બદલ આપ સૌ માનવંતા મિત્રો તથા ગ્રાહકોના અમે હૃદયપૂર્વક આભારી છીએ.

ફોન ૮૬૭૦૧૬ ઘર
ફોન ૨૬૬૬૩૯ ઓફિસ

હરિશ ટ્રાવેલ્સ

૨૧, ઇલોરા કોમર્શિયલ સેન્ટર,
રીલીફ સિનેમા પાસે,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

અમદાવાદ – બોમ્બે ડેઈલી સર્વિસ
૨ × ૨ વીડીયો કોચ ડીલક્સ કોચ

* સહેલગાહ યાત્રા પ્રવાસ
* L.T.C. પ્રવાસોના પ્રયોજક વ્યવસ્થાપક
* લકઝરી બસ, મીનીબસ, મેટાડોર, લકઝરી કાર ભાડે આપનાર
* પાસપોર્ટ અંગેનું કામ કરનાર.

* આગામી ઉનાળુ વેકેશનમાં **અમારા** પ્રવાસમાં જોડાઓ અને સૌંદર્યની હારમાળાઓ તથા પર્વતો વચ્ચેના લીલાછમ સ્વર્ગ જેવા કાશ્મીર તથા નેપાળની યાત્રામાં જોડાઓ. રહેવા તથા જમવાની પૂરી સગવડ સાથે.
* વધુ માહિતી માટે સંપર્ક સાધો :

કમલેશ ફેશન સ્ટોર્સ ફોન : ૮૬૭૦૧૬
રામનગર, સાબરમતી, **અમદાવાદ-૩૮૦ ૦૦૫.**

યોગ-વેદાંત વિશે થોડુંક.

* પ. પૂ. સંતશ્રી આશારામજી મહારાજની કૃપા તથા આશીર્વાદથી આશ્રમના આધ્યાત્મિક સાહિત્ય તથા હેતુઓના પ્રસારણ તથા માનવ કલ્યાણને માટે 'યોગ-વેદાંત' પ્રયત્ન કરે છે.
* જે સંજોગોમાં 'યોગ-વેદાંત' શરૂ થાય છે તે સંદર્ભમાં ગ્રાહકોનો સહકાર અત્યંત આવશ્યક છે. માટે આપશ્રી જો ગ્રાહક ન બન્યા હો તો વાર્ષિક લવાજમ રૂા. ૧૫-૦૦ તાત્કાલિક ભરીને અથવા મનીઓર્ડરથી મોકલીને ગ્રાહક બની શકો છો.
* 'યોગ-વેદાંત'માં વૈવિધ્યતા તથા આકર્ષકતા વગેરે લાવવામાં આર્થિક મુશ્કેલી નિવારવા જાહેરાતો લેવાનું ધોરણ સ્વીકારેલું છે. જે સત્સંગી ભાઈ-બહેનો ઉદ્યોગ-ધંધામાં હોય તેઓ તેઓના ઉદ્યોગ-ધંધાની જાહેરખબર મોકલી આપીને આ સત્કાર્યમાં અમારા સહભાગી બની શકે છે.
* 'યોગ-વેદાંત'માં જાહેરાતના દર નીચે મુજબ છે :

પાછલા ટાઈટલ પેજનું આખું પાનું	:	રૂા. ૨૫૦-૦૦
અંદરના ટાઈટલ પેજનું આખું પાનું	:	રૂા. ૨૦૦-૦૦
આખું પાનું	:	રૂા. ૧૫૦-૦૦
અડધું પાનું	:	રૂા. ૭૫-૦૦
૧/૪ પાનું	:	રૂા. ૪૦-૦૦

* પ. પૂ. સંતશ્રીના પાવન સાંનિધ્યમાં પોતાને થયેલા દિવ્ય અનુભવોને પ્રગટ કરીને સદ્‌ગુરૂદેવ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે જેમને તક જોઈતી હોય તેવાં સાધક ભાઈ-બહેનોએ પોતાના અનુભવો, તારીખ, સમય, સ્થળ વગેરેના સ્પષ્ટ વર્ણન સાથે, શુદ્ધ લખાણમાં કાગળની એક બાજુએ લખીને મોકલવા. યોગ્ય અનુભવોને 'યોગ-વેદાંત'માં સ્થાન આપવા પ્રયાસ કરવામાં આવશે.

પત્રવ્યવહાર : સંપાદકશ્રી, 'યોગ-વેદાંત', સંતશ્રી આશારામ આશ્રમ, સાબરમતી, અમદાવાદ-૫.

(પ્રાઇવેટ સરક્યુલેશન)

પરમ હંસ હે........!

પરમ હંસ હે......!
પ્રણવ મંત્રના પુનિત પ્રણેતા,
પરમ તત્વના પ્રખર પ્રવર્તક;
પ્રકાશ પૃથ્વી આ, પવન નભને
પાણીથી પરિવૃત્ત પથિક શા,
પંચ ભૂતોના પરિષ્કાર હે......'

પ્રગટ બ્રહ્મના
પ્રગલ્ભ પ્રજ્ઞ હે,
પૂણ્ય-પ્રબંધક, પ્રેમરૂપ હે,
પાપ વિનાશી, પરમ પુરુષ હે,
પરમ હંસ હે...... !

પૂર્ણયોગને પુરાણ-વેદના
પરિન્યાસ હે......!
પતિત, પંગુને પાપકર્મીના
પરિત્રાણ હે...!
પરમ હંસ હે...!

પ્ર
ણ
મ
ન.........
પ્રણમન.........

— 'નિજાનંદી'